# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/ક/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 3982-1 તારીખ : 12-06-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
ભનાભાઈ કાનાભાઈ કાછડિયા
મું. પો. : વિન્ઝીવડ , તા. : ગોંડલ, જી. : રાજકોટ ,
Pin-364470
મોબાઈલ : ૯૮૭૯૬ ૪૩૩૯૦

વિષય : વીજભાર વધારા ના પુરવણીબીલ બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૩૦-૦૩-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ક/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ગોંડલ.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાસાવડ.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૬/ક્વા–૧/૧૯–૨૦/** **તા.**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૬/ક્વા–૧/૧૯–૨૦

| | |
|---|---|
| અરજદાર: | ભનાભાઈ કાનાભાઈ કાછડિયા ગામ: વિન્ઝીવડ |
| રજૂઆત કરનાર: | અરજદાર ભનાભાઈ કાનાભાઈ કાછડિયા તેમના પુત્ર હરસુખભાઈ ભનાભાઈ કાછડિયા સાથે હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – ગોંડલ |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઈજનેર **શ્રી વી.જી.મારકણા** –પીજીવીસીએલ વિભાગીય કચેરી – ગોંડલ |

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૦૪-૦૬-૨૦૧૯ ( મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૪-૦૬-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ભનાભાઈ કાનાભાઈ કાછડિયા, ગામ: વિન્ઝીવડ તેઓની અરજી ના નોંધણી નંબર :૬/ક્વા–૧/૨૦૧૯–૨૦ મા જણાવે છે કે, તેઓ ગ્રાહક નં.–૩૩૦૫૨/૦૦૪૩૭/૩ થી ૭.૫ હોપાનુ ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે. જેમા, ૭.૫ હોપા નો વીજભાર વધારો માહે નવેમ્બર –૧૪ મા કરાવેલ – પરંતુ, બીલ મા ન આવતો હોવાથી વીજજોડાણ જુના વીજભાર મુજબ વપરાશ કર્તા હતા. વાસાવડ પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૨૦–૦૩–૧૯ થી રૂ.૩૭,૩૭૫/– ભરપાઈ કરવા જણાવેલ. આમ, અરજદાર ના બીલમાં ૭.૫ હોપાનુ બીલ આવતુ હોવા છતા – ૧૫ હોપા ના બીલ તરીકે ૦૫ વર્ષ નુ મીનીમમ બીલ રૂ.૩૭,૩૭૫/– રદબાતલ કરવા –અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી ભનાભાઈ કાનાભાઇ કાછડીયા ગામ-વિઝીંવડ ખાતેવાસાવડ પેટા વિભાગીય કચેરી હેઠળ ખેતીવાડી જોડાણ ગ્રાહક નંબર ૩૩૫૨૩/૦૦૪૩૭/૩ થી ધરાવે છે. જેમાં, અરજદારશ્રી દ્વારા તેઓશ્રી નાં ખેતીવાડી કનેકશનમાં ૭.૫ +૭.૫ હોપા. લોડ વધારા માટે રૂ.૨૦૦/- રસીદ નં.-YH ૧૫૬૭૯૦ તા.૩૧.૧૦.૨૦૧૪ કુલ ૧૫ હોપા. માટે અરજી કરવામાં આવેલ તેનાં એસ.આર.નંબર ૮૩૨૮૩૭૮ છે. જેનાં અનુસંધાને તેઓ દ્વારા નિયત ભાવપત્રક ની રકમ રૂ.૧૦૦/- એગ્રીમેન્ટ તથા રૂ.૨૯૧૫/- ડીપોઝીટ તેમજ ફીક્સ ચાર્જ રૂ.૫૫૦૦.૦૦મળી કુલ રૂ.૮૫૧૫.૦૦ રસીદ અનુક્રમે નંબર - YH ૧૫૭૧૩૫ થી YH ૧૫૭૧૩૭ તા.૦૩.૧૧.૧૪ થી ભરપાઇ કરવામાં આવેલ તેમજ ટેસ્ટરીપોર્ટ ની રકમ રૂ.૨૦.૦૦ રસીદનં. - YH ૧૫૭૧૩૮ તા.૦૩.૧૧.૨૦૧૪ ના રોજ ભરવામાં આવેલ છે.

૩.૧ ઉપરોક્ત બાબતે – સદર ગ્રાહકના વીજબીલમાં ૧૫ હો.પા. ને બદલે જુનો વીજભાર ૭.૫ હોપા દર્શાવતો હોય, વાસાવડ પેટાવિભાગીય કચેરી દ્વારા રેકોર્ડ તપાસતા સીસ્ટમમાં કોઇ ખામીને કારણે લોડમાં સુધારો થયેલ ન હતો . તેથી અરજદારશ્રી ને તા.૦૩.૧૧.૨૦૧૪ ટેસ્ટરીપોર્ટ ના આધારે ફીક્સ તફાવત રકમ ની ડેબીટ નાંખવામાં આવેલ છે.

૩.૨. અરજદારશ્રી દ્વારા તેઓશ્રી નાં ખેતીવાડી કનેકશનમાં ૭.૫ +૭.૫ હોપા. લોડ વધારા અરજી અન્વયે સ્થળપર ફીઝીકલી લોડ-વધારો તો થયેલ જ હતો પરંતુ લેજરમાં આવતો ન હોવાથી તફાવતની રકમ ડેબિટ નાખેલ છે. આમ ઉપરોક્ત દર્શાવેલ હકીકત જોતા સદર રકમ અરજદાર દ્વારા ભરપાઇ કરવાની થાય છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી ભનાભાઈ કાનાભાઈ કાછડીયા ગામ – વિંઝીવડ ખાતે ખેતીવાડી વીજજોડાણ નં.: ગ્રાહક નં.–૩૩૦૫૨/૦૦૪૩૭/૩ થી એ–૧ ટેરીફ મુજબ ધરાવે છે. સદર વીજજોડાણમાં તા.૩૧.૧૦.૨૦૧૪ ના રોજ હૈયાત ૭.૫ હોપા ના વીજભારમાં ૭.૫ હોપાનો વધારો કરવા માટે અરજી નોંધણી કરાવેલ. જે અનુસંધાને સામેવાળા દ્વારા તા.૦૩.૧૧.૨૦૧૪ ના રોજ નિયત ભાવપત્રક રૂ.૮,૫૧૫/– નુ અપાયેલ, જે ભાવપત્રક અરજદાર દ્વારા તા.૦૩.૧૧.૨૦૧૪ ના રોજ અને ટેસ્ટ રીપોર્ટ ભરપાઈ કરી આપેલ. જે અનુસંધાને વર્ક કમપ્લીશન સર્ટીફીકેટ મુજબ – જરૂરી કામગીરી તા.૧૮–૧૧–૧૪ ના રોજ પૂર્ણ કરેલ, અને એચ.–૩ ફોર્મ મુજબ– સદર વીજભાર વધારા ની અસર તા.૧૮–૧૧–૧૪ ના રોજ થી દર્શાવેલ છે. પરંતુ, અરજદાર ના લેઝર મુજબ – માહે ડિસેમ્બર–જાન્યુઆરી–૧૯ બીલ્ડ ઈન માહે ફેબ્રુઆરી–૧૯ સુધી તેઓને અપાયેલ વીજબીલમાં ૭.૫ હોપા મુજબનુ બીલીગ કરાયેલ છે.

૪.૨ ઉપરોકત બાબતેની ભુલ પીજીવીસીએલના ધ્યાને આવતા, પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૨૦–૦૩–૧૯ થી અરજદાર ને જણાવેલ કે આપના સદર વીજજોડાણ માહે નવેમ્બર –૧૪ થી ૧૫ હોપા મુજબ નો વીજભાર ધરાવો છો, જે અન્વયે માહે નવેમ્બર –૧૪ થી માહે જાન્યુઆરી–૧૯ સુધીના ૧૫ હોપા ના બીલ ના તફાવત ની રકમ રૂ.૩૦,૮૫૭/– ભરપાઈ કરવાની થાય છે, તેમજ ફેબ્રુઆરી–૧૯ થી ચાલુ વર્ષ ના રૂ.૬,૫૦૦/– મળી ને કુલ રૂ.૩૭,૩૭૫/– માહે ડિસેમ્બર–૧૯ સુધીની જે રકમ આપના દ્વારા દિવસ ૦૭ મા ભરપાઈ કરી આપશો. ત્યારબાદ, તા.૩૦–૦૪–૧૯ ના પત્ર થી અરજદાર ને જણાવેલ – વિગતવાર લોડ વધારા ની રકમ ભરવા પાત્ર થાય છે. જે રકમ ની વિગત નીચે પ્રમાણે આપેલ છે. તેમજ સરકાર શ્રી તરફથી 50 % AG RILIFF DEC-JAN-15 તે પણ બાદ કરેલ છે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Rajkot

| SR NO. | BILLING MONTH | 7.5 H.P. | 15 H.P | FIX CHARGE DIFF AMT. |
|---|---|---|---|---|
| 1 | OCT-NOV-14 BILL IN DEC-14 | 831.26 | 2018.76 | 1187.50 |
| 2 | DEC-JAN-15 BILL IN FEB-15 | 831.26 | 2018.76 | 1187.50 |
| 3 | FEB-M AR-15 BILL IN APR-15 | 831.26 | 2018.76 | 1187.50 |
| 4 | APR-MAY- BILL IN JUN-15 | 831.26 | 2018.76 | 1187.50 |
| 5 | JUN-JUL-15 BILL IN AUG -15 | 831.26 | 2018.76 | 1187.50 |
| 6 | AUG-SEP-15 BILL IN OCT -15 | 831.26 | 2018.76 | 1187.50 |
| 7 | OCT-NOV-15 BILL IN DEC -15 | 831.26 | 2018.76 | 1187.50 |
| 8 | DEC-JAN-16 BILL IN FEB-16 | 831.26 | 2018.76 | 1187.50 |
| 9 | FEB-MAR-16 BILL IN APR-16 | 831.26 | 2018.76 | 1187.50 |
| 10 | APR-MAY-16 BILL IN JUN-16 | 831.26 | 2018.76 | 1187.50 |
| 11 | JUN-JUL-16 BILL IN AUG-16 | 831.26 | 2018.76 | 1187.50 |
| 12 | AUG-SEPT-16 BILL IN OCT-16 | 831.26 | 2018.76 | 1187.50 |
| 13 | OCT-NOV-16 BILL IN DEC-16 | 831.26 | 2018.76 | 1187.50 |
| 14 | DEC-JAN-17 BILL IN FEB-17 | 831.26 | 2018.76 | 1187.50 |
| 15 | FEB-MAR-17 BILL IN APR-17 | 831.26 | 2018.76 | 1187.50 |
| 16 | APR MAY-17 BILL IN JUN-17 | 831.26 | 2018.76 | 1187.50 |
| 17 | JUN JUL-17 BILL IN AUG-17 | 831.26 | 2018.76 | 1187.50 |
| 18 | AUG – SEP -17 BILL IN OCT-17 | 831.26 | 2018.76 | 1187.50 |
| 19 | OCT-NOV -17 BILL IN DEC-17 | 831.26 | 2018.76 | 1187.50 |
| 20 | DEC JAN -18 BILL IN FEB-18 | 831.26 | 2018.76 | 1187.50 |
| 21 | FEB-MAR-18 BILL IN APR-18 | 831.26 | 2018.76 | 1187.50 |
| 22 | APR-MAY-18 BILL IN JUN-18 | 831.26 | 2018.76 | 1187.50 |
| 23 | JUN JUL-18 BILL IN AUG-18 | 831.26 | 2018.76 | 1187.50 |
| 24 | AUG-SEPT-18 BILL IN OCT-18 | 831.26 | 2018.76 | 1187.50 |
| 25 | OCT –NOV -18 BILL IN DEC-18 | 831.26 | 2018.76 | 1187.50 |
| 26 | DEC-JAN- 19 BILL IN- FEB-19 | 831.26 | 2018.76 | 1187.50 |
| | | | Total | 30875.00 |
| A | | | | |
| | 50 % AG RILIFF DEC-JAN-15 | 7.5 H.P. 415.63 | 15H.P. 1009.38 | -593.75 |
| | 50 % AG RILIFF DEC-JAN-15 | 7.5 H.P 415.63 | 15-H.P. 1009.38 | -593.75 |
| | | | Total | -1187.50 |
| B | | | | |
| C=A+B ( OCT-NOV-14 TO DEC-JAN-19) | | | Net Total | 29687.50 |

૪.૩ ઉપરોક્ત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે – અરજદાર શ્રી દ્વારા અપાયેલ ટેસ્ટ રીપોર્ટ તા.૦૩–૧૧–૧૪ અને વર્ક કમ્પ્લીશન સર્ટીફીકેટ તા.૧૮–૧૧–૧૪ અન્વયે , અરજદાર ના વીજજોડાણમાં કરાયેલ વીજભાર વધારો સીસ્ટમની કોઈ ખામી ને કારણે વીજબીલમાં અસરકર્તા થયેલ ન હતો. જે અન્વયે અરજદારને તફાવતની કુલ રકમ રૂ.૩૬,૧૮૭/૫૦ ભરપાઈ કરવા તા.૨૦–૦૩–૧૯ અને તા.૩૦–૦૪–૧૯ ના રોજ થી જણાવેલ છે. સદર બાબતે – અરજદાર દ્વારા પણ વીજભાર વધારા અન્વયે વીજબીલમાં – વીજભાર વધારાની અસર અમલમાં ન આવેલ હોય – તેની કોઈ અગાઉ રજુઆત કરેલ હોય – તેના કોઈ આધાર–પુરાવા રજુ કરાયેલ નથી.

૪.૪ સદર બાબતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જે તે સમયગાળા દરમ્યાન નિયમાધીન કાર્યવાહી કરવાની જરૂર હતી, જે વિજકંપની ના અધિકારી તથા કર્મચારી ની સ્પષ્ટ બેદરકારી સુચવે છે, અને તેના કારણોસર વિજકંપની ને વીજવપરાશી બીલ ની આવક ગુમાવવી પડી છે. જેથી કસુરવાર કર્મચારી / અધિકારી સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવાની સુચના આપવામા આવે છે. વધુમાં જણાવવાનુ કે – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૮૪ – Recovery of Arrears : - – '' No sum due from any consumer, on account of default in payment shall be recoverable after the period of two years from the date when such sum became first due unless such sum has been shown continuously as recoverable as arrear of charges for electricity supplied as per Section 56 of the Act.'' મા કરાયેલ જોગવાઈ મુજબ – અરજદાર પાસેથી તા.૨૦–૦૩–૧૯ પહેલાના ૦૨ વર્ષ સુધીની વીજભાર વધારા અન્વયે ની રકમ વસુલાત કરવાની બાબત નિયમાધીન હોય, જે મુજબની વસુલવા પાત્ર રકમની જાણકારી અરજદારને દિન–૧૦ માં લેખીત માં આપવી, જે અરજદારે ભરપાઈ કરવાની રહેશે. જે બાબતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

૪.૫ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદદા નં. ૪.૪ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.

૪.૬ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot